# સદ્ભાવના

પૂ. આચાર્યશ્રી પદ્મસાગરજી



સદ્વિચાર પરિવાર પ્રકાશન

કુટુંબમાં કાયમી સંસ્કાર સિંચનની વ્યવસ્થા કરવા

અને

નિષ્ઠાભરી સેવાપ્રવૃત્તિઓના સાથીદાર બનવા માટે

## સદ્વિચાર પરિવારનું સભ્યપદ

આજીવન : રૂ. ૪૦૧ સ્વજન : રૂ. ૫૦૧

મુરબ્બી : રૂ. ૧૦૦૧ વિશિષ્ટ સેવા : રૂ. ૫૦૦૧

વ્યક્તિનું અવસાન થયા પછી
પણ એનું સભ્યપદ ચાલુ
રહે છે ને કુટુંબને મળે છે.

સભ્ય થતાં જ ૭૫ થી ૧૦૦ રૂપિયાનાં પ્રકાશનો ભેટ અપાય છે. તે પછી દર મહિને સુવિચાર અને બાળકોનું છાપું એમ બે માસિકો તેમજ દર વર્ષે કેટલાંક પ્રકાશનો ભેટ મોકલાય છે.

કુટુંબમાં સંસ્કાર સિંચન માટેનાં

બે માસિકો :

## સુવિચાર

૧ વર્ષ : રૂ. ૧૫ વિદેશમાં રૂ ૪૦

૩ વર્ષ : રૂ. ૪૦ વિદેશમાં રૂ ૧૦૦

## બાળકોનું છાપું

૧ વર્ષ : રૂ. ૬ વિદેશમાં : રૂ. ૧૫

વિવિધ પ્રસંગે વહેંચવા માટે પ્રેરણાભર્યાં
પ્રકાશનો પણ મંગાવજો, વાંચજો ને વહેંચજો.

વિશ્વ સદ્ભાવના દિવસનું પ્રેરક પ્રવચન

# સદ્ભાવના

સ્વ. ડાહીબેન ચીમનલાલ અંબાલાલ શાહ (ખડાલવાળા)
સ્મૃતિ ગ્રંથાવલિ

: પ્રવચનકાર :

રાષ્ટ્રીય સંત પ. પૂ. આચાર્યશ્રી
પદ્મસાગર સુરીશ્વરજી મ. સા.

: પ્રેરક :

સાહિત્યપ્રેમી મુનિરાજશ્રી દેવેન્દ્ર સાગરજી મ. સા.

: સંકલન :

કુમારપાળ દેસાઈ

સદ્વિચાર પરિવાર પ્રકાશન

◦ SADBHAVANA

◦ પ્રવચનકાર

રાષ્ટ્રીય સંત પ. પૂ. આચાર્યશ્રી પદ્મસાગર સુરીશ્વરજી
મ. સા.

◦ પ્રેરક

મુનિરાજશ્રી દેવેન્દ્ર સાગરજી મ. સા.

◦ સંકલન

શ્રી કુમારપાળ દેસાઈ

◦ પ્રત : ૧૦,૦૦૦

◦ પ્રકાશક :

સદ્‌વિચાર પરિવાર

મોટા વાઘજીપુરા, દરિયાપુર ટાવર સામે,

અમદાવાદ–૩૮૦ ૦૦૧

ફોન નં. ૩૩૭૬૭૦

◦ મુદ્રક :

રાકેશ કે. દેસાઈ

ચંદ્રિકા પ્રિન્ટરી, મિરજાપુર રોડ, અમદાવાદ–૩૮૦ ૦૦૧

ફોન : ૨૦૫૭૮

મૂલ્ય : ૧ પ્રત : રૂ. ૧ * ૧૦૦ પ્રત : રૂ. ૯૦

# સદ્ભાવના

પોતાના ધર્મપ્રવચન દ્વારા પ્રાણીમાત્રને કલ્યાણકારી એવી અપૂર્વ સાધનાનો પરિચય અનંત ઉપકારી જિનેશ્વર પરમાત્માએ આપ્યો છે. એક વ્યક્તિ કેવી રીતે અનેકને ઉપકારી બને અને કેવી રીતે અનેક એકને સહયોગ આપે તેની સાપેક્ષ દૃષ્ટિ પોતાના પ્રવચન દ્વારા જિનેશ્વર પરમાત્માએ જગતને દર્શાવી છે. જ્યાં સુધી આપણે માત્ર સ્વકેન્દ્રી જ રહીશું, સ્વાર્થમાં જ જીવીશું ત્યાં સુધી સંઘર્ષ રહેવાનો જ. જ્યારે આપણે આપણા વિચારો દ્વારા એકમાંથી અનેક સુધી વ્યાપક બનીશું ત્યારે સદ્ભાવનાનું દર્શન થશે. આ એક દાર્શનિક તથ્ય છે. આજ સુધી આપણે દુનિયાને માત્ર આપણી આંખે જ જોઈ છે, આપણા વિચારો મુજબ જગતને જાણ્યું છે અને એ જ સંઘર્ષનું કારણ બન્યાં છે; પરંતુ જે દિવસે આપણે પરમાત્માની દૃષ્ટિથી જગતને જોઈશું અને પરમાત્માની વિચારણાનો આધાર લઈને જગતની ઓળખ મેળવીશું તો તે પરિચય ચોક્કસ પ્રેમ જન્માવશે જ, કારણ કે એ વિચારથી આપણામાં ઉદારતા જાગશે. અનેકની રક્ષાનો ભાવ ઉદ્ભવશે. એ વિચારોથી પૂર્ણતા પ્રાપ્ત થશે અને સદ્ભાવના સાકાર થશે.

જો આજની વર્તમાન પરિસ્થિતિ જોઈએ તો પરમાત્માની ઉપેક્ષાને કારણે, એમના વિચારોની અવગણનાને

કારણે જગત સંઘર્ષ માટેનું યુદ્ધસ્થળ બની ગયું છે. વ્યક્તિ કદાચ બહાર કોઈની સાથે લડતો ન હોય, તો પણ પોતાની જાત સાથે સતત લડતો હોય છે. આથી જ લિયો ટોલ્સ્ટોયે આધુનિક માનવજીવનને દર્શાવતાં કહ્યું કે, "The life of the man is the field of the battle." અર્થાત્ મનુષ્યનું જીવન એ યુદ્ધનું મેદાન બની ગયું છે. મનુષ્ય રોજ સંઘર્ષ કરે છે. પોતાની જાતને સંઘર્ષના બળબળતા અગ્નિમાં નાખી રહ્યો છે. આમ તો આપણે વાત આખી દુનિયાની કરીએ છીએ, વિશ્વશાંતિ અને વિશ્વ-મૈત્રીની વાત કરીએ છીએ, પરંતુ એ વિચારોને આચરણનું સ્વરૂપ કદી આપ્યું નથી. વિચાર માત્ર વિચાર જ રહી ગયો છે. આચારમાં એને સંક્રાંત કર્યા વિના એ વિચાર ક્યારેય પૂર્ણ બનતો નથી. ભગવાન મહાવીર અને અનેક મહાન ચિંતનશીલ મનીષિઓએ વિચારને આચાર સુધી પહોંચા-ડવાની પ્રેરણા આપી અને કહ્યું કે તમે જે વિચાર કરો છો, જે બોલો છો તે મુજબનું જ તમારું આચરણ હોવું જોઈએ. અમારે આચરણની ભાષામાં જ ધર્મ જોઈએ છીએ માત્ર વિચારોની મૂર્છામાં ડૂબેલો ધર્મ જોઈતો નથી. જે ધર્મ માત્ર વિચાર પર જ આધારિત છે તે ક્યારેય કલ્યાણ નહિ કરે. તે તો વિકૃત અને બંધિયાર બની જશે. એમાંથી સંઘર્ષ અને સંકુચિતતાનો જન્મ થશે. પરંતુ જો એ વિચાર જાગૃત બનીને આચાર સુધી પહોંચી જાય, સક્રિય બની જાય તો એ વિચારની સાત્ત્વિકતા માનવીના જીવનનું ધારણ અને રક્ષણ કરે છે. ભગવાન મહાવીર

સ્વામીએ એમ ન કહ્યું કે મારું કલ્યાણ થાઓ, મારા સમાજનું કલ્યાણ થાઓ અથવા તો મારામાં આસ્થા રાખનારા અનુયાયીઓનું કલ્યાણ થાઓ. પરમાત્માએ તો કહ્યું, 'શિવમસ્તુ સર્વજગત' પ્રાણીમાત્રનું કલ્યાણ થાઓ, કોઈ એકનું નહિ. ભગવાન મહાવીરના આ વિચારમાં કેટલી બધી પૂર્ણતા અને પવિત્રતા છે! એમણે એમના જીવનમાં કોઈ સંઘર્ષ રહેવા દીધો જ નહોતો. પરમાત્મા સહુના અને ધર્મ પણ સર્વનો. ધર્મ એ દુકાન પર વેચાનારી વસ્તુ નથી, પરંતુ એ તો આત્માની વસ્તુ છે. આ કોઈ સોદા કરવાની ચીજ નથી કે અધિકાર જમાવવાની બાબત નથી, એના પર તો પ્રાણીમાત્રનો અધિકાર છે. 'ધર્મ' શબ્દનો અર્થ છે 'આત્માને ધારણ કરનાર.' સદ્‌વિચારનું પોષણ કરનાર, એને જીવનમાં આશ્રય આપનાર અને એને આચરણ સુધી પહોંચાડવાનો પ્રયાસ કરનાર ધર્મ છે. આથી મારે તો એવો ધર્મ જોઈએ જેમાં વિચારોનો આગ્રહ ન હોય પણ આત્મશુદ્ધિની ખેવના હોય.

ભગવાન મહાવીરે એટલે જ સાપેક્ષ દૃષ્ટિ આપી છે. જેને કારણે આપણે વિધેયાત્મક (positive) અને નિષેધાત્મક (negative) વિચાર કરી શકીએ છીએ. આ બંને પ્રકારનું ચિંતન આપણી પાસે હોવું જોઈએ. જો આ પ્રકારની દૃષ્ટિનો ઉદય થાય તો જગતમાં કોઈ સંઘર્ષ રહેશે નહિ.

તમે જોયું હશે કે ગાયો જુદા જુદા રંગની હોય છે. કોઈ કાળી તો કોઈ પીળી, કોઈ લાલ તો કોઈ સફેદ.

ગાયોનો રંગ જુદો જુદો હોઈ શકે પણ એ બધી ગાયોનું દૂધ તો સફેદ જ હોય છે. એવી જ રીતે વિશ્વમાં ધર્મ અનેક પ્રકારના છે, પરંતુ જે ધર્મ આત્મા સાથે સંબંધિત છે તે હંમેશાં દૂધ જેવો જ ઉજ્જવળ હશે. એના પર તમે તમારા વિવેક પ્રમાણે સાચું ખોટું લેબલ લગાવશો. પરંતુ ધર્મ ક્યારેય અધર્મ બનતો નથી, એના મૂળ સ્વરૂપમાં ક્યારેય વિકૃતિ નથી આવતી. બહારના લેબલ સાથે મારે કોઈ મતલબ નથી. એની અંદરનો માલ મારે જોવાનો છે. હું તો તમને ત્યાં સુધી કહીશ કે વિશ્વમાં પરસ્પર સદ્ભાવ ઉત્પન્ન કરવા માટે ધર્મના અહિંસા, સંયમ, તપ, અપરિગ્રહ, વિચારોમાં અનેકાંતવાદ જેવાં મૌલિક તત્ત્વોને લઈને એક વિશ્વમંચ તૈયાર કરવો જોઈએ અને દરેક વ્યક્તિ આ મૌલિક તત્ત્વો પ્રત્યે નિષ્ઠાવાન અને વફાદાર બની જાય. દરેક ધર્મનો અનુયાયી પોતાના ધર્મ તરફ પ્રામાણિક બની જાય. ઈશ્વર પ્રત્યે અને પોતાના આત્મા પ્રત્યે ઈમાનદાર બની જાય તો આજની સમસ્યાઓનું સમાધાન થઈ શકશે.

આ બધી સમસ્યાઓનો જન્મ વ્યક્તિ પોતાના વિચારોને બીજા પર લાદવા માગે છે તેમાંથી થાય છે. એક સમયે આ દેશ સમગ્ર વિશ્વને શિક્ષણ, આદર્શ અને સંસ્કૃતિના મહાન સંસ્કાર આપવાવાળો હતો તેને વિચારોની વિકૃતિને કારણે ઘણું સહન કરવું પડ્યું છે. આજે આ દેશ જુદા જુદા ભાગલામાં વહેંચાઈ ગયો છે. વિદેશથી

ઓરીએન્ટલ કોન્ફરન્સમાં આવેલા અનેક વિદ્વાનો મને મુંબઈમાં મળવા આવ્યા ત્યારે મેં એમને કહ્યું કે તમે દૂર દેશાવરથી ઓરીએન્ટલ કોન્ફરન્સમાં ભાગ લેવા આવ્યા, એનાથી મને આનંદ થયો. પરંતુ તમે અમારે માટે કયો નવો વિચાર, કઈ નવી ભાવના કે કયું નવું દર્શન લઈને આવ્યા છો તે મારે જાણવું છે.

આ વિદ્વાનોએ સંક્ષેપમાં કહ્યું કે અમારા દેશમાં એવું શું છે કે જે અમે ભારતને આપી શકીએ? અમે તો અહીંથી લેવા–પામવા આવ્યા છીએ. અમે અહીંના ધર્મગ્રંથોમાં જે જોયું તેવું દુનિયાના કોઈ ગ્રંથમાંથી અમને સાંપડયું નથી. તમે દીવો લઈને શોધવા જશો તો પણ વિશ્વના કોઈ ગ્રંથમાં રામનો આદર્શ નહિ મળે. પરમાત્મા મહાવીર જેવા તપ અને ત્યાગ કોઈ પણ ધર્મ-ગ્રંથમાં શોધ્યા જડશે નહિ. રામનો આદર્શ, સીતાની પવિત્રતા, પરમાત્મા મહાવીરના તપ અને ત્યાગ અમારી સંસ્કૃતિમાં કયાંય નહિ જડે. અમે તો ભૂમિની પવિત્રતાથી ઘણા પ્રભાવિત થયા છીએ. તમારા સંસ્કાર, સંસ્કૃતિ અને ધર્મગ્રંથોમાંથી અમે પ્રેરણાના પીયૂષપાન કરવા માગીએ છીએ. અમારો દેશ બહારથી સુંદર દેખાય છે, પણ અંદર જ્વાલામુખી ભભૂકી રહ્યો છે, અને કોઈને ખબર નથી કે એનો વિસ્ફોટ કયારે થશે? અણુશસ્ત્રોના ખડકલા થાય છે, પણ એ જ અણુવિસ્ફોટ જગતના વિનાશનું કારણ બની જશે. અમારી પાસે કોઈ વિવેક કે અનુશાસન નથી. સ્વયંનું સ્વયં પર નિયંત્રણ – સેલ્ફ કંટ્રોલ – નથી.

જ્યારે આપણી આર્યપ્રણાલી તો વિચાર પર વિવેકના અનુશાસનમાં માને છે. ઋષિમુનિઓએ અમને માર્ગદર્શન આપ્યું છે. આપણા દેશમાં આટલા બધા ધર્મ અને આટલી બધી વિચારસરણીઓ હોવા છતાં ભારતમાં કેટલી શાંતિથી સહુ સદ્ભાવપૂર્વક જીવે છે! સમુદ્રમાં જેમ બધી નદીઓ ભેગી મળે છે અને સમુદ્ર એ બધી નદીઓને પોતાનામાં સમાવી લે છે તેવી રીતે આપણી આર્યસંસ્કૃતિની સૌથી મોટી વિશેષતા એ છે કે અમે બધાં જ દર્શનોને તમામ પ્રકારની વિચારસરણીઓનો અનેકાંત દૃષ્ટિથી સમન્વય કરીએ છીએ. પરમાત્મા જિનેશ્વરના શાસનની સૌથી મોટી વિશેષતા સહુનો સમન્વય કરી લેતી સાપેક્ષ દૃષ્ટિ છે. આ માટે માત્ર દૃષ્ટિ બદલવાની જ જરૂર છે.

વર્તમાન સમયમાં સદ્ભાવનાના સૌથી મોટા અભાવનું કારણ એ છે કે એક બાજુ સામ્યવાદ અને બીજી બાજુ અન્યાન્યવાદ એવી બે વિચારધારાઓનો સંઘર્ષ ચાલી રહ્યો છે. આ બંને વચ્ચેનો સંઘર્ષ એટલો ભયંકર છે કે ભવિષ્યમાં જો વિસ્ફોટ થયો તો જગતના અસ્તિત્વ સામે સૌથી મોટો ભય ઊભેલો છે.

બે વર્ષ પહેલાં વિયેતનામ, કોરિયા, મંચૂરિયા વગેરે દક્ષિણી–પૂર્વી એશિયાઈ દેશોનો પ્રવાસ કરીને આવેલી વ્યક્તિ મને મળવા આવી હતી. તેઓ વિભાજિત થયેલા કોરિયામાં ગયા હતા. ત્યાં પણ બે વિચારસરણીઓનો

તુમુલ સંઘર્ષ ચાલે છે. એક અમેરિકાના નિયંત્રણ હેઠળ છે, તો બીજી સામ્યવાદીઓના પ્રભુત્વ હેઠળ છે. ત્યાં તે નગરની બહાર એક ઐતિહાસિક સ્થળ જોવા ગયા હતા કે જ્યાં લાખો માનવીઓનો ભીષણ યુદ્ધે ભોગ લીધો હતો. એમણે દૂરથી કોઈ વસ્તુનો મોટો ઢગલો જોયો. ખૂબ દૂરથી જોતાં હોવાથી તેમણે તેમના સાથીઓને પૂછ્યું કે, "આ ઢગલો તે ટેકરી છે?"

ત્યાંની સ્થાનિક વ્યક્તિએ એમને કહ્યું કે તે ટેકરી નથી, પરંતુ યુદ્ધમાં માર્યા ગયેલા માણસોની ખોપરીઓનો ઢગલો છે. હવે તમે જ વિચાર કરો કે ઇતિહાસ કેટલો બધો વિકૃત થઈ ચૂક્યો છે? સદ્ભાવના અને આત્મીયતા જેવા શબ્દો માત્ર પુસ્તકોમાં જ રહ્યા છે. આપણા જીવનમાં તે ક્યાંય જોવા મળતા નથી. લાખો વ્યક્તિ યુદ્ધમાં મોતને ઘાટ ઊતરી ગઈ અને એના શરીરનાં હાડપિંજરો અને ખોપરીઓનો ઢગલો કર્યો, જેથી લોકોને દૂરથી ટેકરી જેવો લાગે. કેટલી ભયંકર અને વિકૃત આ પરિસ્થિતિ છે! જો હજી પણ આપણે જાગીશું નહિ તો એ વ્યક્તિએ જે માત્ર કોરિયામાં જ જોયું તે આખી દુનિયામાં જોવા મળે.

આજે એટલાં બધાં વિનાશક શસ્ત્રો તૈયાર થયાં છે કે એક ક્ષણમાં આખી દુનિયા નષ્ટ થઈ જાય. યુદ્ધને જન્મ આપનાર અને પ્રોત્સાહન આપનાર વ્યક્તિ પરમાત્માની દૃષ્ટિમાં આ દુનિયાનો સૌથી મોટો અપરાધી છે. જીવન તો

જાગૃતિ, લોકસેવા અને સદ્‌ભાવનાથી પ્રેમનું મંદિર સર્જવા માટે મળ્યું છે. આવા મંદિરમાં વિના નિમંત્રણે આપોઆપ પરમાત્મદશા આવી જશે. આપણે આજ સુધી આની ઉપેક્ષા કરી છે. આપણે ક્યારેય આપણા જીવનની ગહરાઈમાં નજર કરી નથી અને તેથી પ્રકૃતિ પાસેથી પ્રેમનો ભંડાર લઈને આવેલી વ્યક્તિ પોતાના ભૂલથી એ અમૃતને ઝેરમાં પલટી નાખે છે. આપણી ભૂલનું આ પરિણામ છે. દરેક વ્યક્તિ તનાવ—ટેન્શન—થી પરેશાન છે. દરેક વ્યક્તિના મનમાં એક પ્રકારનું યુદ્ધ ચાલે છે દરેક વ્યક્તિ સતત સંઘર્ષમય જીવન જીવતો હોય છે. આવું હોય ત્યાં તમને સમન્વય મળશે ક્યાંથી? આને માટે માનવીએ ક્યારેય એવો પ્રયાસ કર્યો જ નથી.

સામાન્ય પારિવારિક દ્વેષ પણ વ્યક્તિ અને એના કુટુંબને બરબાદ કરી શકે છે. આવી વ્યક્તિ ટેન્શનથી તરફડે છે અને રોગથી ઘેરાય છે. અને એક દિવસ એ અકાળ મૃત્યુને હવાલે થાય છે. આપણા જીવનમાંથી આવો સંઘર્ષ કદી સમાપ્ત થવાનો નથી. આમ છતાં અમારો પ્રયાસ છે કે આ વેદનામાંથી વધુ ને વધુ લોકોને ઉગારી શકાય. તેમને માટે પ્રયત્ન કરવો તે અમારું નૈતિક કર્તવ્ય પણ છે. જો કોઈ વ્યક્તિ અસાધ્ય રોગથી પીડાતી હોય તો આપણે એનો ઇલાજ કરીએ છીએ, પોતાની નૈતિક જવાબદારી સમજીને. સદ્‌વિચારના ચાહકો જુએ છે કે દુનિયા તો અત્યારે મરવા પડી છે. એ

બુદ્ધિથી પીડિત અને વિચારોની બીમારીથી ગ્રસિત છે. પરંતુ સદ્ભાવનાના તકાજો એ છે કે આમાંથી જેટલું બચાવી શકાય તેટલું આપણે બચાવીએ.

જગતની વર્તમાન બીમારીનો ઉપચાર સદ્ભાવના જ છે. આ એક દવા છે અને જૈન સંસ્કૃતિમાં તો પ્રતિ વર્ષ ક્ષમાપના દ્વારા આ દવાનું સેવન કરવાનો ઇલાજ બતાવ્યો છે. જીવન તો ભૂલ અને અપરાધથી ભરપૂર છે. આપણે વિચારીશું કે કદાચ મારાથી કોઈ ભૂલ થઈ ગઈ હોય, કોઈ વિવાદ કે સંઘર્ષ થયો હોય અથવા તો તમને મારા પ્રત્યે કટુતા કે વેર રાખવાનું કોઈ નિમિત્ત મળી ગયું હોય તો હું તેનો ઉપચાર જાતે જ કરી લઈશ. ક્ષમાપના દ્વારા અને મૈત્રી દ્વારા સદ્ભાવનાનું સર્જન કરીશ. આ વિચાર જેમ જેમ અન્ય દેશોમાં જશે તેમ તેમ આજે નહિ તો આવતીકાલે એમણે આ ભૂમિકા પર આવવું પડશે. જે દિવસે એમને પોતાની ભૂલ સમજાશે ત્યારે એમણે જાતે જ હાજર થવું પડશે. સંઘર્ષ ક્યારેય શાંતિ જન્માવતો નથી. અનેકાંત જ શાંતિ અને સમાધિનું કારણ બની શકે છે.

આજનું વિશ્વ સંહારની પરાકાષ્ઠા પર ઊભું છે. એ જોરશોરથી વિનાશને નિમંત્રણ આપે છે. આવા લોકો પાસે તો વિચારોનું પાગલપન છે અને વ્યક્તિ જ્યારે દિલ તથા દિમાગથી પાગલ બની જાય છે ત્યારે એને એ સમજાતું નથી કે જીવન ક્યાં છે અને મૃત્યુ ક્યાં છે?

આ વિશ્વમાં આજે પણ એવા કેટલાક વૈજ્ઞાનિકો અને રાજપુરુષો છે કે જેમનું માનસ ગુમરાહ છે. તેઓ પોતાના વિનાશક વિચારોથી એટલા બધા પીડિત છે કે એમને ખ્યાલ પણ નથી આવતો કે તેઓ દેશને અને પ્રજાને કઈ દિશામાં દોરી રહ્યા છે?

એમનામાં જે દિવસે વિવેકનું જાગરણ થશે, વૈચારિક ભૂમિકા આવશે અને જે દિવસે તેઓ સદ્ભાવનાની મહત્તા સમજવા લાગશે તે દિવસે આ મૂલ્યને જરૂર સ્વીકારશે. આજે નહિ તો આવતીકાલે પણ પરમાત્માના પરમ શબ્દને સ્વીકારવો પડશે. હું તમને જીવનમાં ઉતારવા જેવી એક વાત કહું. તદ્દન સામાન્ય એવો સંઘર્ષ પણ વ્યક્તિને કેટલો તબાહ કરી નાખે છે!

ઉત્તરપ્રદેશની અલ્હાબાદ હાઈકોર્ટને દેશની ઘણી જૂની અને ઐતિહાસિક માનવામાં આવે છે. અંગ્રેજોના સમયની આ એક ઘટના છે. બે ઘણા સંપન્ન જમીનદારો હતા. તે બંને એકબીજાના ગાઢ મિત્રો હતા, પરંતુ કોઈ લેવડદેવડના પ્રશ્ન પર એ બંને વચ્ચે ઝઘડો શરૂ થયો. બંનેએ અદાલતનો આશ્રય લીધો. એમાં એક લેણદાર હતો અને બીજો દેવાદાર. એનો કેસ હાઈકોર્ટમાં ગયો અને એથીય આગળ એ જમાનાની ઇંગ્લેન્ડની પ્રીવિકાઉન્સિલ સુધી પહોંચ્યો. બંનેને સંપત્તિનો નશો હતો અને બદલો લેવાની તીવ્ર ભાવના હતી. વર્ષો સુધી આ કેસ ચાલ્યો અને તેને પરિણામે બંને જમીનદાર ખુવાર થઈ ગયા.

હાઈકોર્ટની બહાર આ બંનેની મૂર્તિ મૂકવામાં આવી. આજે એ ત્યાં છે કે નહિ એની મને ખબર નથી. પરંતુ એ સમયે એ મૂર્તિઓની નીચે એમના જીવનનો ઇતિહાસ લખવામાં આવ્યો હતો અને કોર્ટમાં આવતા પહેલાં તમે આ બંનેને જુઓ અને એની નીચે લખાયેલી બરબાદીની કથા વાંચીને કોર્ટમાં પ્રવેશ કરો. આ બે મિત્રોની મૂર્તિમાં એકની પાસે માત્ર લંગોટી જ બચી હતી અને બીજાની પાસે તો તે પણ ન હતી. એની નીચે લખ્યું હતું કે આ બંને કોર્ટમાં આવ્યા અને પછી જ્યારે બહાર નીકળ્યા ત્યારે એમની કેવી દુર્દશા થઈ તે તમે જુઓ. જે લેણદાર હતો એ માત્ર લંગોટી બચાવી શક્યો. જ્યારે દેવાદાર પાસે તો તે પણ ન રહી. કોર્ટમાં જવાનું આવું છે પરિણામ. એક સામાન્ય ઝઘડા કે દ્વેષને લીધે અથવા તો લેણદેણના ઝઘડાને લીધે આવું પરિણામ આવતું હોય તો જગતમાં ચાલતા આટલા મોટા વૈચારિક ઝઘડાનું પરિણામ શું આવશે તે વિચારવા જેવું છે.

બીજા વિશ્વયુદ્ધમાં અઢી કરોડ નિર્દોષ માનવીઓની હત્યા થઈ અને પાંચથી સાત કરોડ જેટલા લોકો ઘાયલ કે અપંગ થયા. અબજો રૂપિયાની સંપત્તિ નાશ પામી. કેટલાયે આજીવિકા ગુમાવી, તો કેટલાયનો ઘરસંસાર વેરાન બની ગયો. આવું ભયંકર પરિણામ હજી હમણાં ઈ. સ. ૧૯૪૬માં જ આપણે જોયું છે અને તેમ છતાં જો જગતને સાચી સાન ન આવે તો કહેવું શું ? ઠોકર ખાધા પછી પણ વ્યક્તિ પોતાની જાતને સાચવે નહિ તો

એને કહેવું શું ? આ તો એવી મૂર્ખતા કહેવાય કે જેને માટે શબ્દકોશમાં કોઈ શબ્દ નહિ મળે.

આથી સદ્‌વિચાર પરિવારને હું ધન્યવાદ આપું છું કે તમારો પ્રયાસ આવતીકાલે સફળતા પામશે. આજે બીજ વાવી રહ્યાં છીએ તો તે ક્યારેક તો વૃક્ષ બનવાનું જ. ભવિષ્યની પેઢીને એનું ફળ જરૂર મળશે. સદ્‌વિચાર પરિવાર તરફથી આજે સદ્‌ભાવનાનું બીજ રોપવામાં આવે છે. તેનું આજે નહિ તો આવતીકાલે, શુભ પરિણામ આવશે જ. તે અનેક વ્યક્તિઓને માટે શાંતિનું સાધન બનશે, અનેક રાષ્ટ્રોને માટે ઉપયોગી અને માર્ગદર્શક બનશે. આપણે બીજા દેશોની વાત જવા દઈએ તો પણ આપણા દેશની દશા જોઈને મનમાં એવો વિચાર આવે છે કે આપણે કેટલાં બધાં જુદાં જુદાં રાજ્યોમાં વહેંચાયેલા છીએ ? વ્યવસ્થાની અનુકૂળતા ખાતર રાજ્યોની રચના થઈ, પરંતુ એ વ્યવસ્થામાં એવી વિકૃતિ આવી કે એમાંથી ભાષાની સમસ્યા પેદા થઈ. અને આગળ જતાં એમાં સાંપ્રદાયિક દ્વેષભાવનો જન્મ થયો.

આ દેશ અંદરોઅંદર ખૂબ લડ્યો છે. ગાંધીજીએ રામરાજ્યની એવી સુંદર કલ્પના કરી હતી કે આપણે આ દેશમાં એવો આદર્શ સાકાર કરીએ. ભારત સમગ્ર વિશ્વને માટે યુનિવર્સિટી બની જાય. આખી દુનિયાને જ્ઞાન અને પ્રકાશ આપનારો બને. આપણી પાસે જે વિચારનો પ્રકાશ અને વિચારની મૂડી છે તે સમગ્ર વિશ્વમાં વહેંચી શકીએ,

પરંતુ ગાંધીજીનું આ સ્વપ્ન હજી સાકાર થયું નથી. જો ગાંધીજી આજે જીવંત હોત તો આનું સૌથી વધુ દુઃખ એમને થયું હોત. એમની ભાવના હતી કે આ દેશ સ્વર્ગ બને. રામરાજ્ય જેવું આદર્શ રાજ્ય બને કે જ્યાં કોઈ શરાબી, દુરાચારી કે વેશ્યા ન મળે. આવી એમની કલ્પનાને સાકાર કરવા માટે તો એમણે પોતાના પ્રાણની આહુતિ આપી. પરંતુ આપણા દેશની દિશા એનાથી તદ્દન ઊલટી થઈ ગઈ છે. આજે દશા એવી આવી છે કે દુનિયા આપણને ઉપદેશ આપે છે અને તે આપણે સાંભળવો પડે છે. એક એવો સમય હતો કે હ્યુ-એન-સાંગ યાત્રી બનીને આ દેશનું પરિભ્રમણ કરવા આવ્યો ત્યારે એણે કહ્યું કે જો કાંઈ શીખવું હોય તો ભારતની યાત્રા કરો. એણે લખ્યું છે કે ભારતની સંસ્કૃતિ જોઈને હું ચકિત થઈ ગયો. મેં પાણી માંગ્યું તો કોઈએ મને પાણી ન આપ્યું, કારણ કે 'અતિથિ દેવો ભવ'માં માનતો આ દેશ માત્ર પાણી પીવડાવવામાં પોતાનું અપમાન માને છે. તે પહેલાં દૂધ આપે છે, પછી પાણી. એ સમયે દેશમાં ઘી અને દૂધની નદીઓ વહેતી હતી. પરંતુ આજે આપણે એવી દુર્દશા કરી છે અને આપણાં દુષ્કૃત્યોની એવી સજા મળી છે કે નદીનું પાણી પણ સુકાઈ ગયું છે. તેણે લખ્યું છે કે ભારતમાં મેં ક્યાંય ઘરને તાળું મારેલું જોયું નહિ, કેવી પ્રામાણિકતા હતી આ દેશમાં! કેટલો બધો સદ્ભાવ હતો કે પ્રત્યેક વ્યક્તિને સહયોગ આપવો પણ કોઈના

આત્માને દુઃખ પહોંચાડવાનું આ લોકો જાણતા નહોતા. હુ-એન-સાંગની વાત માત્ર ૧૩૦૦ વર્ષ પહેલાંની છે અને વિચાર કરો આપણી આજની દુર્દશાનો! આજે પણ વિદ્યાલયો છે અને એ જમાનામાં પણ વિદ્યાલયો હતા. નાલંદા, તક્ષશીલા જેવાં વિદ્યાલયો તો એકલા બંગાળમાં વીસ હજાર હતા. સાધુસંતોની નિશ્રામાં શિક્ષણ અપાતું, તેઓ ઋષિમુનિઓના આશીર્વાદથી શિક્ષા પામતા હતા. અને જીવનનો આદર્શ મેળવીને અહીંથી જતા. તેઓ શીખતા હતા, 'सत्यम् वद (હંમેશ સત્ય બોલવું), धर्मम् चर (ધર્મનું આચરણ કરવું), मातृदेवो भव, पितृदेवो भव– (માતાપિતાને તીર્થ સમાન માનવા) હવે તો આપણી આખી સંસ્કૃતિ નષ્ટ થઈ ગઈ. આપણી સંસ્કૃતિ માત્ર નાચવા–ગાવા સુધી જ – થિયેટર સુધી જ – સીમિત થઈ ગઈ છે. આ સંસ્કૃતિ આખા પરિવારને છિન્નભિન્ન કરી નાખશે. સમગ્ર રાષ્ટ્રનો ધ્વંસ કરશે. આપણે ફરી પ્રયાસ કરવો પડશે કે સંઘર્ષને કઈ રીતે દૂર કરી શકાય? આપણે એકબીજાને જાણવાનો અને સમજવાનો પ્રયાસ કરીએ. સારા વિચારોની ઉપેક્ષા કે ઘૃણા કરવાને બદલે તેનો જીવનમાં સ્વીકાર કરવાની સાહસિકતા કેળવીએ. સત્ય હંમેશા એક રહેશે. Truth is one, તે ક્યારેય બે પ્રકારનું હોય નહિ.

કોઈ વ્યક્તિ તમને પૂછે કે તમે કેમ છો? તો તમે જવાબ આપશો કે હું સ્વસ્થ છું. પણ પછી કોઈ એવું

નહિ પૂછે કે તમારું સ્વાસ્થ્ય કેવા પ્રકારનું છે, કારણ કે સ્વાસ્થ્યનો કોઈ ભેદ કે પ્રકાર હોતો નથી. પરંતુ જો તમે બીમાર હો અને કહો કે તબિયત બરાબર રહેતી નથી તો તે પૂછશે કે કંઈ બીમારી છે? બીમારી અનેક હોય છે, પરંતુ સ્વાસ્થ્ય હંમેશા એક હોય છે. એવી જ રીતે આત્મા સાથે સંબંધિત એવો ધર્મ અને સત્ય તો સદાય એક જ હોય છે, ધર્મની બીમારી કે વિકૃતિ અનેક નજરે પડશે, પરંતુ આત્મા તો આરોગ્યની માફક એક જ મળશે. આત્માનો ધર્મ ક્યારેય આત્માથી ભિન્ન નહિ હોય. ઉત્તમ ગ્રંથોમાંથી તમે નવનીત તારવશો તો તમને આ જ મળશે.

પ્રેમ પરમાત્મા સુધી પહોંચવાનો એક રસ્તો છે. સંત તુલસીદાસે કહ્યું છે કે, 'પ્રેમ ગલી અતિ સાંકડી, તા મેં દો ન સમાયે.' પ્રેમ એ પરમાત્મા સુધી પહોંચવાનો માર્ગ છે અને એ માર્ગે અનેક વ્યક્તિઓ પરમાત્મા સુધી પહોંચી છે. પ્રેમ પરમાત્માને પ્રિય છે અને તે પ્રેમનો જન્મ સદ્ભાવનામાંથી થાય છે. અનેક માનવીઓ હૃદયમાં પોતાનો નિવાસ રચે છે, પરંતુ એમ સમજશો નહિ કે એનાથી કોઈ પદનો અધિકારી બની જાય છે. એકથી અનેક સુધી પહોંચવાનું છે. અનેક અંતરમાં વાસ કરવાનો છે.

સાધનામાં 'સ્વ'થી માંડીને 'સર્વ' સુધી વિકાસ કરવાનો હોય છે. દિલ્હીના સિંહાસન પર રાજ્ય કરનારી હજારો વ્યક્તિઓ આવી અને ગઈ. એનો કશો અર્થ

નથી. ઇતિહાસમાં ભૂલથી ક્યાંક એકાદ પાના પર એમનું નામ મળી જશે અને એ પણ બસો-પાંચસો વર્ષ પછી વિસરાઈ જશે. આનાથી વધુ એનું કશુંય મહત્ત્વ નથી. મારે તો લોકોના હૃદય. સિંહાસન પર આસન લગાવવું છે અને તે સદ્ભાવનાથી જ સંભવિત છે.

બેલગાવમાં ઇન્દિરાજી મને મળવા આવ્યાં હતાં અને ઘણી લાંબી ચર્ચા ચાલી. મેં એમને કહ્યું કે તમે એ ભૂલી જાવ કે તમે દિલ્હીમાં રાજ કરો છો. અમારા જેવા સાધુ-સંતોની તો સલાહ છે કે તમે લોકોના દિલમાં રાજ કરો. દિલ્હી નહિ પણ લોકોના દિલનું રાજ જ કાયમ રહેશે. બાકી બધું ચાલ્યું જશે. રામની માફક જે વ્યક્તિઓએ લોકોના હૃદય જીતીને રાજ્ય કર્યું છે, એમને લાખો વર્ષ વીતી જવા છતાં લોકો આજ સુધી ભૂલ્યા નથી. આજે પણ અમારા અંતઃકરણમાં એમનું રાજ રહેલું છે. સર્વ પ્રત્યે સદ્ભાવના રાખીને પ્રેમથી જ લોકોના હૃદય પર રાજ કરવું જોઈએ. જુઓ હું આપને મારો જ દાખલો આપું તો મારી પાસે છે શું ? ઘર છોડયું. સંસારનો ત્યાગ કર્યો. સંન્યાસ લઈને સાધુ બની ગયો. કોઈનાય ઘરમાં મારો એક પૈસો પણ જમા નથી. આપના ઘર પર પણ મારો કોઈ અધિકાર નથી. પરંતુ એક સાધુ તરીકે જો હું એક શબ્દ બોલું તો પણ તમે તમારાં બાળકો, ભાઈઓ અને સ્નેહીઓને ન આપતા હો, પરંતુ અહીં તો પરોપકારની ભાવનાથી તરત જ પાકીટ-

માંથી ધન કાઢીને આપી દેશો. આ પ્રેમ-રાજ્યનું લક્ષણ છે. જ્યારે સાધુ તમારા અંતરમાં પ્રવેશ કરે છે અને તમારા હૃદય પર અધિકાર મેળવે છે, ત્યારે આપોઆપ જ તમને આપવાની ભાવના જાગે છે. તમે જ વિચારો છો કે આ શબ્દ મિથ્યા થવો જોઈએ નહિ. એનું પોતાની શક્તિ અનુસાર અચૂક પાલન કરવું જોઈએ. તમે તમારા સગાભાઈને ના કહેશો. વખત આવે તો તમારી પત્નીને મના કરશો, પરંતુ સાધુ-સંતો પોતાના હૃદયથી જે કાંઈ કહે છે તેની તમારા હૃદય પર સીધી અસર થશે, કારણ કે સાધુ-સંતોનું સામ્રાજ્ય જ હૃદય પર છે.

આ પ્રેમનું રાજ્ય છે. જેમાં દરેક વ્યક્તિનું ઘર મારું ઘર બની જાય છે. જ્યાં જઈએ ત્યાં 'આપ અમારે ત્યાં પધારો' એવું નિમંત્રણ મળે છે. કોઈ બીજાને આ રીતે નિમંત્રણ આપો છો ખરા? આ પ્રેમની એ પરાકાષ્ઠા છે, કે જ્યારે લોકો પરોપકાર માટે પોતાના પ્રાણની આહુતિ આપે છે, તો પછી પૈસાની તો વાત શી? ભારતના ઉજ્જવળ ઇતિહાસમાં પ્રેમને ખાતર અનેક લોકોએ પોતાનું બલિદાન આપ્યું છે. મંદિરોના રક્ષણ માટે, સંસ્કૃતિના બચાવ માટે, પરોપકાર ખાતર કે પોતાના રાષ્ટ્રની સુરક્ષા કાજે આ લોકોએ પોતાની તલવારથી પોતાનું મસ્તક કાપીને ધરી દીધું છે.

પૈસા આપવા એ તો ઘણી સામાન્ય અને પ્રાથમિક બાબત છે. હું તો કહું છે કે આપણો પ્રેમ વધે એવા

પ્રયાસો કરવા જોઈએ. જુદા જુદા સંપ્રદાયોના જેટલા સાધુ છે તેમને એકત્રિત કરીને આ પશ્ચિમની આંધીનો સબળ સામનો કરવા તૈયાર કરવા જોઈએ. આ આંધી પૂર્વને નુકસાન પહોંચાડશે. આવા લોકો વિચારોથી આક્રમણ કરે છે. આપણી સંસ્કૃતિના નાશ માટે તેઓ એટમ-બૉમ્બ નહિ નાખે, કોઈ શસ્ત્રનો ઉપયોગ નહિ કરે, પરંતુ માત્ર વિચારોનું આક્રમણ કરીને આપણી સંસ્કૃતિને નષ્ટ કરશે. આવું વિચારોનું આક્રમણ પત્ર-પત્રિકા, રેડિયો અને ટી.વી. દ્વારા કરવામાં આવે છે. આ આક્રમણને કારણે તમારા હૃદયમાંથી બધી જ ઉત્તમ સદ્‌ભાવનાઓ નષ્ટ થઈ જશે.

દરેક વ્યક્તિ આ વિચારથી પીડિત બની જશે. મારું તો આપ સહુને નિવેદન છે કે આવા વૈચારિક આક્રમણથી બચવા માટે આપણે આપણા ઘરમાં જ સદ્‌-ભાવના, મૈત્રી અને વિશ્વબંધુત્વ દ્વારા સંગઠન સાધવું પડશે." આ સંગઠન ઘણું મજબૂત બનાવવું પડશે. આજે તમે જુઓ છો કે આપણા સાધુ-સંતોની સ્થિતિ જ કેવી થઈ ગઈ છે. જુદા જુદા સંપ્રદાય, જુદું જુદું આચરણ, વિચારોમાં મતભેદ અને વિચારોનો સંઘર્ષ ચાલે છે. એક-ને હાનિ પહોંચે તો બીજો વિચારે છે કે આ તો એને હાનિ થઈ, એમાં મારે શી લેવા દેવા ? પરંતુ એ ભૂલવું જોઈએ નહિ કે પાડોશીના ઘરમાં જો આગ લાગે અને આપણે આળસમાં રહીએ તો આપણું ઘર પણ ભસ્મીભૂત

થઈ જશે. જો હિંદુ એમ વિચારે કે બીજા લોકો મરે એમાં મારે શી લેવા દેવા ? તો નુકસાન એને જ થવાનું છે. જો જૈન કે અન્ય સંપ્રદાયવાળા એમ માને કે એના ઘરમાં ગરબડ થઈ એમાં મારે શું કરવાનું ? તો આ ઉપેક્ષાવૃત્તિને પરિણામે બંનેનો સર્વનાશ થાય છે. આપણું જીવન આજે ૬૯ના આંકડા જેવું બની ગયું છે. તમે જ્યારે હિંદી કે ગુજરાતીમાં ૩૯ લખો છો તો ત્રણ અને છનું મુખ કઈ બાજુ છે ? એ બંને એક-બીજાથી સાવ વિપરીત દિશામાં હોય છે. જે વિવાદ અને મતભેદ સૂચવે છે. મારે તો સદ્ભાવના દ્વારા એને ૬૩નો આંકડો બનાવવો છે. બંનેનું મુખ એકબીજાની સામસામે આવી જાય અને વિવાદનો અંત આણીને સંવાદ સધાય. આ સંવાદથી કેટલી બધી પ્રચંડ શક્તિ પેદા થાય છે ! આજની આપણી બધી શક્તિ આજે ભાગાકાર (વિભાજનની પ્રક્રિયા) બની ગઈ છે. એને સદ્ભાવના દ્વારા ગુણાકારમાં પલટાવવાની છે. જીવનની સમસ્યાઓનું એવું પરિણામ લાવવું છે કે આપણે આપણા જીવનમાં કોઈની સાથે ૩૯ બનીને જીવવું નથી, પણ ૬૩ની માફક જીવવું છે. માટે પ્રેમ અને સદ્ભાવના દ્વારા એક એવું સંગઠન રચવું છે કે જેને પરિણામે ભાવિ પેઢી મારા પ્રત્યે કૃતજ્ઞતા પ્રગટ કરે. મારે સમગ્ર પ્રજાજનોના અને પ્રાણીમાત્રના આશીર્વાદ પ્રાપ્ત કરવા છે. એક એવા વ્યવસ્થિત સંગઠનની શરૂઆત કરીએ કે જેમાં જેટલા જુદા જુદા સંપ્રદાય છે તે બધા

સંપ્રદાયોને પ્રેમથી નિમંત્રણ આપીએ અને એક સમાન ભૂમિકા ( common platform ) ઊભી કરીએ.

હું માનું છું કે સરકારે ધર્મની ઉપેક્ષા કરીને ઘણી મોટી ભૂલ કરી છે. આપણો દેશ ધર્મસાપેક્ષ છે અને રહેશે. જો તમે ધર્મનો અર્થ મંદિર, મસ્જિદ વગેરેમાં જવું એવો કરતા હો તો તે ઘણી મોટી ભૂલ છે. ધર્મ તો જીવનનું કર્તવ્ય છે. નૈતિક કર્તવ્યનું પ્રેરક છે. મંદિર અને મસ્જિદ એ તો પોતપોતાની જુદી જુદી વ્યવસ્થા છે. ટ્રેનમાં તમે મુસાફરી કરો છો ત્યારે જુદા જુદા કમ્પાર્ટમેન્ટ હોય છે, પરંતુ અહીંથી ઊપડતી ટ્રેન દિલ્હી એક્સપ્રેસ હશે તો તે દિલ્હી જ પહોંચશે. જુદા જુદા કમ્પાર્ટમેન્ટ હોય અને નંબર પણ અલગ અલગ હોય છે તો એનો અર્થ એ નથી કે અમુક સ્થળે પહોંચશે અને આપણે રહી જઈશું. પરમાત્મા અને મોક્ષમાં આસ્થા રાખનારા જે જુદાં જુદાં આધ્યાત્મિક દર્શનો છે અને જુદા જુદા સંપ્રદાયો છે તે આજે નહિ તો કાલે જરૂર પોતાના લક્ષ્ય સુધી પહોંચશે. કારણ કે એમને આત્મામાં વિશ્વાસ છે. વર્તમાનમાં નહિ તો ભવિષ્યમાં એમને જરૂર પ્રેમનું આચરણ મળશે અને પ્રેમના માધ્યમથી એ પૂર્ણ બનશે. પરમેશ્વર બનશે એ નિર્વિવાદ છે. આ માટેનો જ આપણો પ્રયાસ હોવો ઘટે. અને તેથી સાધુ-સંતો તો આજની દુનિયામાં ધર્મ અને રાષ્ટ્રના ચોકીદાર છે.

જે ગાંધીજીના નામે આ રાજ્ય ચાલી રહ્યું છે એનો આદર્શ શું છે? એ આદર્શનું તમારા જીવનમાં કેટલે અંશે આચરણ થઈ રહ્યું છે? જ્યાં ક્યાંય સંઘર્ષ હોય ત્યાં જઈને આપણે સમજાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. સાધુ-સંતો અને ઋષિઓની પાવન ભૂમિ, કૃષ્ણનું ગોકુળ, મહાવીરની તપોભૂમિ એવા આ વિશાળ દેશમાં લોકો આ રીતે અંદરોઅંદર લડે? ગલી ગલીમાં દારૂના પીઠા હોય? આવું હોય ત્યાં સદ્‌ભાવના કઈ રીતે પેદા થાય? તે તો પેલી દારૂની બાટલીમાં જ સડી જશે. દિનપ્રતિદિન દેશમાં હિંસકવૃત્તિ વધી રહી છે. મોટા ઉદ્યોગો વધી રહ્યા છે. જે દેશમાં સત્તાની ખુરશી સલામત રાખવા માટે નિર્દોષ ગાયો અને મૂક પ્રાણીઓની હત્યા થાય છે તે દેશ કઈ રીતે સાચા અર્થમાં આઝાદ કહેવાય? અહીં સદ્‌ભાવના કઈ રીતે વિકસશે? એક બાજુથી નરાતર હિંસા થાય છે, એને કઈ રીતે અહિંસાનું આચરણ કહી શકાય? આથી મારું માનવું છે કે સદ્‌ભાવનાના પ્રચાર માટે સાધુ-સંતોનું સંગઠન, એક સંમેલન અને એક સમાન ભૂમિકા (કૉમન પ્લૅટફૉર્મ) હોવું જોઈએ, જ્યાં કોઈ સાંપ્રદાયિક ભેદભાવ ન હોય. આ સંગઠન સદ્‌ભાવનાના પ્રસાર માટે હોય, અને આપણી સંસ્કૃતિ આપણા આદર્શોના રક્ષણ માટે હોય.

કોઈ પણ પ્રકારનું વૈચારિક આક્રમણ થાય તો તેનો સામનો અને પ્રતિકાર કરી શકે તેમજ આપણી સંસ્કૃતિની પૂરેપૂરી રક્ષા કરી શકે તેવું સંગઠન હોવું જોઈએ. આપણી સંસ્કૃતિમાં કોઈ ક્ષતિ નથી. ભૂતકાળમાં આપણો

દેશ જેવો ગૌરવશીલ અને મહિમાવાન હતો તેવો આજે બની શકે. તે ભૂતકાળને વર્તમાનમાં સાકાર કરવા માટે જરૂર છે માત્ર પ્રયત્નની. આમ થશે તો પૂર્ણતા પ્રાપ્ત થશે. મારી તો આપને વિનંતી છે કે આપ હિંમતથી આગળ વધો અને દેશના ચોકીદાર જેવા સાધુ-સંતોને જાગૃત કરો.

હું એમ પણ માનું છું કે આવી પરિસ્થિતિના સૌથી મોટા ગુનેગાર સાધુ-સંતો જ છે. સમાજને જાગૃત કરવો એ સાધુ-સંતોનું કર્તવ્ય છે. પણ જો મકાનનો ચોકીદાર જ ઊંઘતો હોય તો મકાનમાં આસાનીથી લૂંટ થશે. સાધુ-સંતો માત્ર પ્રમાદમાં ડૂબેલા રહ્યા અને પોતાના મઠ અને મંદિરનાં રક્ષણની વ્યવસ્થામાં જ ખૂંપ્યા રહ્યા તો આ સમાજ, રાષ્ટ્ર અને સંસ્કૃતિ લોપાઈ જશે. ચોરી થાય તો પહેલાં ચોકીદારને પૂછીએ છીએ કે શું તમે સૂઈ ગયા હતા? ચોરી કઈ રીતે થઈ? પરમાત્માના દરવાજા પર પહેલાં સાધુ-સંતોની જ પૂછપરછ થશે કે તમે જાગતા હતા કે ઊંઘતા હતા? આ દેશ, સમાજ અને ધર્મ કેમ વિચ્છિન્ન ગઈ થયો? તેની ઉપેક્ષા કરવાની ભૂલ તમે કેમ કરી? આથી પહેલો પ્રયાસ સાધુ-સંગઠનને વ્યવસ્થિત કરવાનો થવો જોઈએ. આજ સુધી એમના પ્રત્યે સમાજમાં આદર અને પ્રેમ છે. આપણી સંસ્કૃતિનું એ લક્ષણ છે કે એમના કથનને આપણે માથે ચડાવીએ છીએ. એમના વચનનો આપણે ક્યારેય તિરસ્કાર કરતા નથી. આ સાધુ-

સંતો પ્રેમના માધ્યમથી એક પવિત્રતાનો સંચાર કરીને જીવનનું નિર્માણ કરી શકે છે. દેશની મહાન શક્તિ એમનામાં પડેલી છે. આવા સાધુ-સંતોનું એક વ્યવસ્થિત સંગઠન થાય તો સમગ્ર દેશમાં સુખ, શાંતિ અને આબાદી ફેલાશે. એમણે આખી દુનિયામાં આ ભાવનાઓ ફેલાવવાની જરૂર નથી. જે રીતે અત્તરના એક નાનકડા પૂમડા મારફતે અત્તરનું એક જ ટીપું આખા ઘરને સુવાસિત કરી દે છે એ જ રીતે સાધું-સંતો પાસે પ્રેમ અને મૈત્રીના અત્તરની એવી મહેંક છે કે જે સદ્ભાવનાની સૌરભ ફેલાવી શકે છે. આથી તેઓ જો સંગઠિત થઈને આ વિશ્વમાં પ્રયાસ કરે તો આખી દુનિયા સદ્ભાવનાની સૌરભથી મહેંકી ઊઠશે. વિચારોની સુગંધ સર્વત્ર ફોરી ઊઠશે અને અનેક વ્યક્તિઓને સન્માનનું દર્શન થશે.

આજે આપે જે રીતે આયોજન કર્યું છે તે માટે આપ સહુને મારા આશીર્વાદ છે, પરંતુ હું તો એ વાત પર ભાર મૂકીશ કે ભવિષ્યમાં આપની સંસ્થા દ્વારા પહેલાં સાધુ-સંગઠન રચાય અને એક જ મંચ પર જુદા જુદા સંપ્રદાયના સાધુ આવે. પહેલાં સાધુ-સંતોમાં પ્રેમનાં દર્શન થાય તો જ એ પ્રેમ તમારા જીવનમાં પ્રેમ-ભાવનાનો સંચાર કરી શકે. જો મારા જીવનમાં પ્રેમનો દુકાળ છે તો પછી આપના જીવનમાં સદ્ભાવનાની હેલી કઈ રીતે વરસશે ? આપણા જીવનમાંથી જો પ્રેમ અને મૈત્રી લુપ્ત થઈ જશે તો પછી કશું બાકી નહિ રહે.

અમદાવાદની એક બૅન્કમાં જમાલખાં નામનો પઠાણ ચોકીદાર હતો. મૅનેજર થોડો સમય બહાર ગયા હતા અને એમણે ચોકીદારને તાકીદ કરી કે બૅન્કમાં જોખમ પડ્યું છે, માટે બરાબર સાવચેતી રાખજે. પઠાણ ઘણો ઈમાનદાર હતો અને એણે કહ્યું, "સાહેબ, મારા પ્રાણના ભોગે પણ આ તાળા અને સીલને જાળવી રાખીશ." પાંચ-સાત દિવસ પછી મૅનેજર પાછા આવ્યા અને એમણે જોયું કે તાળા અને સીલ બરાબર હતા. પઠાણને શાબાશી આપી ઇનામ પણ આપ્યું. પણ જ્યારે તાળું ખોલીને અંદર જોયું તો ખબર પડી કે આખી બૅન્ક લૂંટાઈ ગઈ હતી અને કેશબૉક્સ ગુમ થયું હતું. બૅન્કની પાછળના ભાગના વેન્ટિલેટરને તોડીને ચોર બૅન્કમાં પ્રવેશ્યા હતા. મૅનેજર ગુસ્સે ભરાયા અને એમણે જમાલખાંને પૂછ્યું કે "બૅન્ક કઈ રીતે લૂંટાઈ ગઈ?"

જમાલખાંએ કહ્યું, "સાહેબ, હું કશું જાણતો નથી. તમે સીલ અને તાળું બરાબર જાળવવા કહ્યું હતું એટલે મેં એની પૂરેપૂરી ચોકી કરી. અંદર શું થયું એ તો તમે જાણો અને તમારું કામ જાણે. એની સાથે મારે કોઈ નિસ્બત નથી."

આજે આપણી સ્થિતિ આવી જ છે. ઉપરથી આ કે તે સંપ્રદાયનું લેબલ લગાવ્યું છે. એક નંબર, અગિયાર નંબર કે એકસો અગિયાર નંબરનો ટ્રેડમાર્ક લગાવ્યો છે. આ બધું છે છતાં સાધુ-સંતો પણ અંદરથી લૂંટાઈ

ગયા છે. સદાચાર, પવિત્રતા અને ત્યાગ સમાજમાંથી ચાલ્યા ગયા અને આપણે કોઈ ચિંતા કરી નહિ. ખરેખર પ્રેમ, મૈત્રી અને સદ્ભાવનાના અભાવે અમે અંદરથી સાવ લૂંટાઈ ગયા છીએ અને વળી પાછા પરમાત્માના નામની દુકાન ચલાવીએ છીએ. અમારે પુણ્યનો પ્રોફિટ જોઈએ, માર્કેટ જોઈએ, ગ્રાહક જોઈએ. એ બધાને લાવીએ ક્યાંથી? જો મારામાં પ્રેમનો અભાવ હોય તો હું તમારામાં પ્રેમનો સંચાર કઈ રીતે કરી શકું? મારા શબ્દોમાં એવી શક્તિ આવશે કઈ રીતે? જો મારી ભાષા હૃદયમાંથી નીતરતી નહિ હોય તો મારા શબ્દોનો કશો પ્રભાવ નહિ પડે. એનાથી તમારા હૃદયમાં કોઈ કંપન – વાઇબ્રેશન – ઉત્પન્ન નહિ થાય. જ્યારે હૃદયની વાણીથી બોલાય અને પ્રેમનું પ્રવચન પ્રેમની ભાષામાં આપવામાં આવે તો જ એ પરમાણુ તમારા હૃદયમાં વૈચારિક આંદોલન કે કંપન પેદા કરશે, પાપનો પશ્ચાત્તાપ સર્જશે અને હૃદયમાં એક ભાવપૂર્ણ રુદન થશે. પ્રેમનાં એ આંસુ તમારા શત્રુઓને પણ પીગળાવી નાખશે. દુનિયાની ભઠ્ઠી જે ધાતુને ઓગાળી શકતી નથી એને પ્રેમનાં આંસુઓ ઓગાળી શકવાની તાકાત ધરાવે છે.

હું અંતઃકરણથી શુભકામના પ્રગટ કરું છું અને તમારા પ્રયાસને ધન્યવાદ આપું છું. આવી સદ્ભાવના વિશ્વને માટે ઉપયોગી બને અને તે સંઘર્ષમાંથી માનવ-જાતને બહાર કાઢીને સંવાદ અને સમન્વયની રચના કરે.

દરેક માનવી પોતાના જીવનમાં પરમશાંતિનો અનુભવ કરે. આપણે રોજ પ્રભુને એવી પ્રાર્થના કરીએ કે હે ભગવાન ! પ્રાણીમાત્રને સદ્‌ભાવના આપ. મારી સાધના સર્વ આત્માઓની શાંતિ માટે થાય. સાચી આસ્થાથી કરવામાં આવેલી પ્રાર્થના કદી નિષ્ફળ જતી નથી. તીર્થંકર પરમાત્માના દ્વાર પર જો શુદ્ધ મનથી પ્રાર્થના કરવામાં આવે તો એમાંથી એક શક્તિ મળશે. નૈતિક સાહસ અને દૃઢતાનો સંચાર થશે અને તમારા સુંદર કાર્યમાં જરૂર સફળતા મળશે.

મેં તો આપની સમક્ષ મારા હૃદયની વેદના પ્રગટ કરી. આ વિશે જરૂર વિચારશો અને ભવિષ્યમાં આવું આયોજન કરતાં પહેલાં બધા જ સાધુ-સંતોને નિમંત્રણ આપજો, જેથી એમની વચ્ચે પારસ્પરિક પ્રેમ અને મૈત્રીભાવ વધે અને વિકસે. આ જોઈને તમારા મનમાં સદ્‌ભાવના જાગશે અને સાંપ્રદાયિક સંઘર્ષ અટકી જશે. આપણે પૂર્વજન્મના સંસ્કારો લઈને આવીએ છીએ. તેના પર સાધુસંતો પહેલ પાડે છે. આથી મારી એવી મંગળ ભાવના છે કે તમને તમારા આ શુભકાર્યમાં પૂર્ણ સફળતા હાંસલ થાય.

વિકલાંગજનોને સ્વાવલંબી બનાવતા

## સદ્‌વિચાર પરિવાર–વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર

ઉવારસદ : જિ. ગાંધીનગર

**ને સ્વાવલંબી બનાવવા આટલું કરીએ:**

| | |
|---|---|
| વિકલાંગ દત્તક યોજના | : રૂ. ૨૦૦૦ |
| ભૂમિદાન : ૧ વીઘાના | : રૂ. ૪૦૦૦ |
| કાયમી ભોજનતિથિ | : રૂ ૫૦૦૦ |

●

દરદીનારાયણની ભક્તિભરી સેવા કરનારી

## હરગોવનદાસ પ્રભુદાસ

## સદ્‌વિચાર પરિવાર આઈ હૉસ્પિટલ

દ્વારા સેવાના સાથીદાર બનવા આટલું કરીએ

| | |
|---|---|
| દર્દી દત્તક યોજના | રૂ. ૧૦૦૦ |
| કાયમી ભોજન તિથિ | રૂ. ૨૫૦૦ |
| પથારીદાન | રૂ. ૫૦૦૦ |
| માસિક નેત્રયજ્ઞ | રૂ. ૮૦૦૦ |

●

વિવિધ હૉસ્પિટલોના બિછાને સૂતેલા

દર્દીનારાયણની ભક્તિભરી સેવામાં

## દર્દી સેવા કેન્દ્ર

કાયમી નિભાવ ફંડ રૂ. ૨૫૦૧ દૈનિક મદદ રૂ. ૨૫૧

અપાનાર સહયોગ આવકવેરાની

કલમ ૮૦–જી પ્રમાણે કરમુક્ત છે.

# સમર્પણ વિદ્યાપીઠ

માનવજીવનના પ્રાચ્ય ઇતિહાસમાં એવા અસંખ્ય દાખલા નોંધાયા છે જેમાં એ મહામાનવોએ ઇતર માનવ ભાંડુઓના કે પ્રાણીઓના કલ્યાણ કાજે પોતાનાં બલિદાન આપી દીધાં છે, હસતે મોંએ જાતને સમર્પી દીધી છે. આવા મહાપુરુષોના કારણે જ તો માનવ ઇતિહાસ ગૌરવવંતો બન્યો છે.

આજે જીવન અતિ સ્વકેન્દ્રી બનતું જાય છે. સૌ માનવો પોતપોતાનો સ્વાર્થ સાધવામાં જ જાણે પ્રવૃત્ત છે. નિઃસ્વાર્થ ભાવની તીવ્ર અછત વરતાય છે. આમ જ ચાલ્યા કરશે તો માનવતાનું થશે શું ? માનવતા પરવારી જશે તો પછી માનવી અને પશુમાં કોઈ ફરક રહેશે ખરો ?

સમર્પણ વિદ્યાપીઠનો ઉદ્ભવ આ ઘેરી ચિંતામાંથી થયો છે. માનવીમાં માનવતા સંસ્કારવાનું-સંકોરવાનું કામ સમર્પણ વિદ્યાપીઠે પોતાની યત્કિંચિત્ શક્તિ મુજબ પોતાના શિરે લીધું છે. આજની અને આવતી કાલની પેઢીઓને ઉજવાળવી હશે, માનવતાને જીવંત રાખી 'માનવી' શબ્દની સાર્થકતા નિભાવી રાખવી હશે, તો પ્રત્યેક માનવે હૈયામાં સમર્પણનો ભાવ જગાડવો પડશે અને એ ભાવને પ્રત્યક્ષ કરવા માટે કટિબદ્ધ થવું પડશે.

આ મહાન માનવીય પુરુષાર્થમાં સહભાગી બનવાનું સમર્પણ વિદ્યાપીઠ સૌને પ્રેમભર્યું નિમંત્રણ આપે છે.

## સમર્પણ વિદ્યાપીઠ

સેટેલાઇટ સામે જોધપુર ટેકરા, અમદાવાદ-૧૧.